

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*આપણા છ સૈનિક ને મારે તો સાઠ ગણાવો -*
*તો જ રહે સખણી એની સેના, ગાંઠ બંધાવો -*
*ઠાઠ છે બાહ્ય ખોખલી સેના ને લોકશાહીનો -*
*થયું છે મોડું, હવે પાકિસ્તાનને પાઠ ભણાવો !!*
*(પાકિસ્તાની હરકતો - છેડછાડ)*

### હાઈકુ

*દ્વેન્ટીમાં પણ -*
*ખોટા કાયદાઓનું -*
*નડે છે વિઘ્ન...*
*(રમવા તો આવ્યા છો સાચવજો!)*

*વિશ્વ આખું ય*
*એ 'કોમ' ને સાચવે*
*કામની જેમ... !*
*(જરા વિચારજો...)*

### ચિંતન

*ભદ્રમિચ્છન્ત ઋષયઃ સ્વર્વિસ્તયો દીક્ષામુપનિષે દુરગ્રે ।*
*તતો રાષ્ટ્રં બલમોશ્ચ નીતિં તદસ્મૈ દેવા ઉપસંમન્તુ ॥*

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

આત્મકલ્યાણની ઈચ્છા રાખનાર પુરુષને પહેલાં તપની દીક્ષા આપવાાં આવે છે. એનાથી શરીરબળ, મનોબળ, પદ, પ્રતિષ્ઠા અને સુખ પ્રાપ્ત થાય છે.

સંસારમાં બધા જ મહાપુરુષો એ તપ કરવા પર વધુ ભાર મૂક્યો છે. જીવનમાં વધારે ને વધારે સુખ તથા આનંદ મેળવવા માટે તપ જરૂરપી છે. આપણા શરીરને જાતજાતના કષ્ટ આપવા એ તપ નથી. તપનો અર્થ છે - ધર્મ, સત્ય અને ન્યાયના માર્ગે ચાલતા રહીને જે વિઘ્નો, અવરોધો અને કષ્ઠો સામે આવે તેમને સહન કરતાં જઈને આગળ વધતાં જવું. તપનો અર્થ છે... ભૂખ-તરસ,ગરમી-ઠંડી, સુખ-દુખ, હર્ષ-શોખ માન-અપમાન વગેરે પ્રત્યે સમભાવ રાખીને તેમને સહન કરવા. તપનો અર્થ છે. ભોજન, વસ્ત્ર, વ્યાયામ, વિશ્રામ, સ્વાધ્યાય વગેરે બાબતોમાં જરૂરિયાત પ્રમાણે અનુકૂળ કરવું કે જેના દ્વારા શરીર પૂર્ણ રીતે સ્વસ્થ રહે.

### સુવિચાર

- છા જાતી હૈ ચુપ્પી ગુના અપનેં હોં, બાત દૂસરોં કી હો તો શોર બહુત હોતા હૈ - **નદીમ શાદ**
- રૂપિયાના ઢગલા પર ઊંઘની હડતાળ છે, માટીના ઓટલા પર નિંદર મહેરબાન છે - **એસ. ભટ્ટાચાર્ય**
- લાયકાત વગરના લોકોની જીત એ વખતે નક્કી થઈ જાય છે જયારે લાયક માણસો ચૂપ થઈ જાય છે - **અમૃતબિંદુ**
- વોટ્સએપ હોય કે જિંદગી લોકો સ્ટેટસ જોતા થઈ ગયા છે - **ચિત્રલેખા**
- સુખની વ્યાખ્યા દરેક માટે અલગ અલગ હોય છે, અમુક કિનારે પહોંચવા વલખા મારે છે અને અમુક કિનારે પહોંચીને...- **ડો. ભાલચંદ્ર પારડીવાળા**
- કચરામાંથી અનાયાસે હીરો મળી જાય તો... લોકો એ હીરાનો વૈભવ માણવાને બદલે... બીજા હીરાની શોધમાં જીવનભર કચરો ફેંદતા રહે છે - **માનસસૂત્ર**
- આજનું ઔષધ : ઘામાં જીવડા પડ્યા હોય તો સુકુ લસણ વાટી પેસ્ટ ઘા પર બાંધવાથી ઘા જલ્દી રૂઝાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

સ્પેનના સેમ્યુઅલ નામના ખેડૂતના ખેતરમાં ઉગેલા ઢગલાબંધ અનાજને જોઈ તેના ગામના ખેડૂતો હેરાન થઈ ગયા. ગામ લોકોને લાગ્યું કે નક્કી સેમ્યુઅલ કોઈ જાદુ ટોણા કરતો હોવો જોઈએ. એટલે સૌથી વધુ પાક એના ખેતરમાં થાય છે, ગામના ખેડૂતોને એની ઈર્ષા થઈ. ગામના લોકોએ ન્યાયાધીશને ફરિયાદ કરી, ન્યાયાધીશે સેમ્યુઅલ ને પૂછ્યું, 'તમે જાદુ-ટોણા કરીને ખેતરમાં વધુ પાક મેળવો છો ? આ અંગે આપને શું કહેવું છે?' સેમ્યુલ જવાબ આપતા કહ્યું, 'નામદાર, હું આપને મારા ખેતીના ઓજાર અને મારા ઘરના સભ્યોની મુલાકાત કરાવું. મારી સખત-મહેનત, ખેતી કરવાની નવી ટેકનિક, સારામાં સારું ખાતર, નાખીને મારી ફસલ તૈયાર કરું છું. આ મારી દીકરી જે બિયારણ વાવે છે. તે પણ ખૂબ મહેનત કરે છે. મારા ખેતીના ઓજારો જોવા. તે પણ સારી હાલતમાં છે. તૂટેલો નથી. મારા બળધો પણ તંદુરસ્ત જોડી છે. અમે સૌ બળધોને પણ પૌષ્ટિક આહાર આપીને તાજા - માજા રાખ્યા છે. એમની પણ ચાકરી કરી છે. બળદ પણ અમારી સાથે સખત મહેનતમાં જોડાયેલા છે. આજ તો અમારી કાળજીનો જાદુ છે. કોઈ પણ ખેડૂત સારી રીતે ઈમાનદારી પૂર્વક આવું કરે તો મારી જેમ જ ઢગલાબંધ પાક પકવવાનો જાદુ કરી શકે તેમ છે.' વિદ્વાન ન્યાયાધીશે સેમ્યુઅલના બયાન ગંભીરતાથી લીધા અને સેમ્યુઅલને નિર્દોષ જાહેર કર્યા, અને સાથો સાથે આવી ફરિયાદ કરનાર ખેડૂતને સેમ્યુઅલની જેમ સખત મહેનત, ઉમદા ઓજારો, સારું બિયારણ સારા બળકની ખેતી કરવાની સલાહ આપી.

# નવા વર્ષે... નવા સમીકરણો...

**તંત્રીસ્થાનેથી...**

૨૦૧૯ના સૌથી મોટા રાજકીય લાભાર્થી વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહને ગણીએ તો પણ ત્રીજા નંબરે તો મરાઠા નેતા શરદ પવારને જ મૂકવા પડે. એમને નેપથ્યમાં રહીને મહારાષ્ટ્ર જેવા મોટા રાજયના શાસનનો રિપોટ કંટ્રોલ હસ્તગત કરી લીધો છે. રાજકીય કુનેહ માટેનું નોબેલ પ્રાઈઝ શરૂ કરાય તો તે શરદ પવારના જ ફાળે જાય. શિવસેના અને ભાજપ સરખી વિચારસરણી ધરાવતાં રાજકીય પરિબળો હતા અને છેલ્લી વિધાનસભાની ચૂંટણી પણ ભાગીદારીમાં જ લડ્યાહતા. તેમની વચ્ચે સત્તાની ભાગીદારીના મુદ્દે મતભેદ પડ્યા કે પડાવવામાં આવ્યા તે આપણે જાણતા નથી. એક વાત નક્કી કે એમાં ભાજપ ગોથું ખાઈ ગયું અને શરદ પવાર ઊપસી આવ્યા. એમને એક તરફ શિવસેના સુપ્રીમો ઉદ્ધવ ઠાકરેની મુખ્યમંત્રીપદની લાલસા સંતોષવા કોંગ્રેસ જેવી સામા છેડાની વિચારસરણીવાળી પાર્ટીને સહમત કરી દીધી અને બીજી તરફ સત્તાનો રિમોંટ કંટ્રોલ પોતાની પાસે જ રહે એવી વ્યવસ્થા પણ ગોઠવી દીધી. નરેન્દ્ર મોદી જયારે નવા નિશાળિયા તરીકે બારોબાર ગુજરાતના મુખ્યમંત્રીપદે આરૂઢ થઈ ગયા હતા અને તત્કાલીન વડાપ્રધાન વાજપેયી સુધ્ધાં એમનાં કાર્યકલાપથી નાખુશ હતા ત્યારે શરદ પવારે જ એમને સધિયારો આપી 'કૅરી ઓન' કહ્યું હતું, પીઠ થાબડી હતી અને 'ગુડ ગર્વનન્સ'ના પાઠ શીખવ્યા હતા. એ જ મોદીને પવાર સાથે વંકાયેલી શિવસેનાને સીધી દોર કરવા માટે સમર્થનની શ્રદ્ધા હતી જે મુદ્દે દેશી કહેવત મુજબ બરાબર ગ્રહણ ટાણે સાપ કાઢીને બેસી ગયા હતા આ મરાઠા વીર. અથવા કહો કે ભરોસાની ભેંસે પાડો જણ્યો હતો. પત્રકારો અને રાજનીતિજ્ઞોએ માની લીધું હતું કે ઓચિંતી પવાર-મોદી મંત્રણા ભાજપના સત્તારોહણમાં જ પરિણમશે અને શિવસેના સુપ્રીમો હાથ ઘસતા રહી જશે. શરદ પવારને રાષ્ટ્રપતિ પદની ઑફરવાળી અફવા પણ પૂરબહાર ચાલી હતી. ભોંઠી પડી ગયેલી શિવસેના અને કોંગ્રેસને આ અફવા સાચી લાગે એવી ઘટના પણ ઘટી ગઈ. રાતોરાત કેન્દ્ર સરકારના આદેશથી મહારાષ્ટ્રના કાહ્યાગરા રાજયપાલ ભગતસિંહ કોશિયારીએ ભાજપના દેવેન્દ્ર ફડણવીસને મુખ્યમંત્રી પદના અને પવારની નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટીના નેતા અજિત પવારને નાયબ મુખ્યમંત્રી પદના શપથ પણ લેવડાવી દીધા હતા. માંડ અડતાલીશ કલાક પછી સિનારિયો જુદો જ હતો. અજિત પવારને એકલા અટૂલા પાડી દઈ શરદ પવારે કોંગ્રેસ-શિવસેના સાથે પોતાની પાર્ટીનું સમર્થન અકબંધ હોવાની પ્રતીતિ કરાવી હતી. વિધાનસભામાં ફલોર ટેસ્ટ પૂર્વે જ ભાજપનો ખેલ ખલાસ થઈ ગયો હતો. મોદી-શાહ અને ફડણવીસની આંખોમાં ધૂળ નાખીને પવારે એમનો ખેલ પાડી દીધો હતો જે મુજબ વખત પૂરતા અજિત પવારને વેગળા રાખી ઉદ્ધવ ઠાકરે સાથે એનસીપી અને કોંગ્રેસના વરિષ્ઠ ધારાસભ્યોની સોગંધવિધિ સંપન્ન થઈ ગઈ હતી. વર્ષાન્તે એ જ અજિત પવારને નાયબ મુખ્યમંત્રી પદ સહિત મહત્ત્વના વિભાગો પર પોતાના પક્ષના ધારાસભ્યોને ગોઠવી દઈ શરદ પવારે પોતાની રાજકીય કુનેહનો જબરદસ્ત પરચો બતાવી દીધો છે. આ પ્રકારની ગઠબંધન રાજનીતિ દેશભરમાં ચલાવી ભાજપને એકલું અટૂલું પાડી દઈ ૨૦૨૪માં જતી ઉંમરે વડાપ્રધાનપદું હસ્તગત કરવાની પવારની મહેચ્છા પાર પડશે કે કેમ એ તો સમય જ કહેશે. હાલ એટલું ચોક્કસ કહી શકાય કે પવાર દેશના સૌથી મુત્સદી રાજનેતા તરીકે ઊપસી આવ્યા છે.

# આપણે ફરવા જરૂરથી જઈશું...



**નવાં કલેવર**

નટવર હેડાઉ

'એય... સાંભળો છો ?'

'તું કંઈ બોલે તો હું સાંભળું ને, બોલ શું છે ?'

'આ ક્રિસમસની રજાઓમાં કયાંક ફરવા જઈએ તો ?'

'કયાં જવું છે ?'

'સ્ટેચ્યુ ઓફ યુનિટી જોવા.'

ના.. ના... અત્યારે નહીં. સાંભળ્યું છે કે ત્યાં તો કેટલી બધી ટિકીટ છે. વળી આવવા જવાનો ખર્ચ જુદો. ઠંડી પણ કેવી પડે છે. છોકરાઓ બિમાર પડી જાય. જહોને કહ્યું અને પત્નીને સમજાવવાની કોશિશ કરી.

'ઓ.કે. તમે કહો છો એ વાત બરાબર. તો એક કામ કરો. અમદાવાદ જઈએ, તમારા અંકલ પણ ત્યાં રહે છે. તેથી તેમને ઘેર જ ઉતરીશું. અંકલને પણ ગમશે. તે છોકરાઓને બધે ફેરવશે. મજા આવી જશે.' જહોનની પત્ની લીઝાએ કહ્યું.

'પણ અમદાવાદ તો આપણે ઘણી વખત ગયાં છીએ.'

'તમારી વાત સાચી, પણ કાંકરિયા કાર્નિવલ ચાલુ થયા પછી એક પણ વખત ગયા નથી. ત્યાંની તો રોનક જ અલગ હોય છેએમ સાંભળવા મળ્યું છે.'

'હાં મેં પણ કાલે સમાચારમાં જોયેલું. પણ હમણાં નહીં.'

'ઓહ ! ડેડી તમે પણ શું, મમ્મા કહે છે તો લઈ જાવને, અટલ એક્સપ્રેસ ટ્રેઈન, બોટીંગ, લાઈટીંગ બધું કેટલું સરસ કર્યું છે. મારા ફ્રેન્ડસ્ પણ ત્યાં ગયા છે.' નાનકડા સીમ્મીએ જીદ પકડી.

'તું જ આને કંઈ સમજાવને' જહોને લીઝા તરફ જોઈ કહ્યું.

'જો માય સ્વીટી, વાત જાણે એમ છે કે અંકલ બિમાર છે. તેથી તે તમને ફરવા લઈ જઈ નહીં શકે. મારી ગઈકાલે જ તેમની સાથે ફોન પર વાત થઈ છે.'

'તો શું, આપણે એમ જ જઈ આવીશું. ડેડી હવે તો સીટી બસ ઈલેકટ્રીક થઈ ગઈ છે. કેવી સુંદર હતી. નહીં મમ્મી સીમ્મીએ લાડ કરતાં કહ્યું.'

'નો, માય સ્વીટ હાર્ટ, હમણાં નહીં તને ખબર છે અંકલ બિમાર છે તેથી તેમને હોસ્ટિપલમાં દાખલ કરેલા છે. આપણે ત્યાં જઈશું તો મારે અને તારી મમ્મીને તેમની સેવાચાકરી કરવી પડશે. વળી વધારાનો ખર્ચ થઈ જશે તે પણ અલગ. તું જીદના કર. અંકલ હવે થોડા દિવસના મહેમાન છે.' જહોને કહ્યું.

'એટલે...'

થોડા દિવસ રાહ જુઓ કાર્નિવલ નહીં હોય તો પણ કાંકરિયા કયાંક જતું રહેવાનું નથી. આપણે ફરવા જરૂરથી જઈશું. તેમના 'ડેથ' પછી જઈશું. જવાની ઔપચારિકતા પણ પુરી થઈ જશે. અને તમને ફરવાનું પણ થઈ જશે.

'ઓ.કે.'

'તો પછી હમણાં નવ વર્ષની ઉજાણી આપણે અહીં જ કરીએ. હું બહાર જઉં છું. સાંજે તમારા બંને માટે પીઝા, પેસ્ટી, બર્ગર અને કેક લેતાં આવીશ. ત્યાં સુધી તમે ઘરને શણગારીને રાખજો.'

# પુસ્તકને ફાડીને, તેના બે ભાગ કરીને, સ્નેહીજનના જીવનની ક્ષણોને ખુશીથી ભરી દઈએ



**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

એક જમાનાની જાજરમાન અને પ્રખ્યાત અભિનેત્રી વાહિદા રહેમાને છત્રીસ વર્ષની ઉંમરે ફિલ્મ અભિનેતા શશી રેખી (ફિલ્મી નામ કમલજીત) સાથે ૧૯૭૪માં લગ્ન કર્યા હતા. કમલજીતે લગભગ ડઝનેક ફિલ્મોમાં અભિનય આપ્યો હતો જેમાંની કેટલીક જાણીતી ફિલ્મો 'શગૂન' (વાહિદા રહેમાન સાથે) અને 'સન ઓફ ઈન્ડિયા' હતી. વહીદાજી અને શશીજીનું લગ્ન જીવન છવીસ વર્ષ ચાલ્યું અને તેમને બે બાળકો પણ થયા. સન. ૨૦૦૦ની સાલમાં શશીજીનું મૃત્યુ થયું અને એ દંપતી ખંડિત થઈ ગયું. બંનેનું લગ્નજીવન ખૂબ જ સુખી હતું. વહીદાજીના કહેવા પ્રમાણે પોતાના લગ્ન જીવન દરમિયાન દંપતીએ માણેલી અને જીવેલી ઘણી બધી યાદગાર ક્ષણો આજે પણ પોતાના સ્મૃતિપટમાં સચવાઈ રહી છે અને તેનું તે જતન કરી રહ્યા છે.

શશીજીને વાંચનનો ખૂબ જ શોખ હતો. વહીદાજીને પણ વાંચનનો શોખ. ઘરમાં બેસીને વહિદાજી એક દિવસ પોતાના ઘરની લાયબ્રેરીનું એક પુસ્તક વાંચી રહ્યા હતા. એ સમયે શશીજીનું ધ્યાન વાહિદાજી અને તેઓ વાંચી રહેલા પુસ્તક ઉપર ગયું. પુસ્તકને જોઈને શશીજીએ વહીદાજીને કહ્યું કે એ પુસ્તક તો હાલ પોતે વાંચી રહ્યા છે. વહીદાજી કહે કે પોતે પણ આ પુસ્તક થોડા દિવસ પહેલા જ વાંચવાનું શરૂ કર્યું છે તો શશીજી કહે કે એક જ પુસ્તક એકસાથે બન્ને કેવી રીતે વાંચી શકશો? વાહિદાજીએ પ્રતીભાવ આપતા કહ્યું કે કઈ વાંધો નહીં, પહેલા તું વાંચી લે, પછી હું વાંચીશ. શશીજીએ તરત જ વહીદાજીના હાથમાંથી એ પુસ્તક લઈ લીધું અને પુસ્તકને વચ્ચેથી ફાડીને તેના પૃષ્ઠોને બે ભાગમાં વહેંચી દીધા. પછી પહેલો ભાગ આપતા કહ્યું કે આ ભાગ મેં વાંચી લીધો છે જે તું વાંચજે. પહેલો ભાગ તું પૂરો કરીશ ત્યાં સુધીમાં હું બીજો ભાગ પૂરો કરી લઈશ એટલે એ તું વાંચજે. વહિદાજી તો આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યા. વહીદાજી કહે, અરે, તારા વાંચી લીધા પછી હું પુસ્તક વાંચત, આ રીતે પુસ્તક ફાડી શા માટે નાખ્યું અને આ બે ભાગ કરેલું ફાટેલું પુસ્તક લાયબ્રેરીમાં કેવી રીતે રાખીશું? શશીજીએ પ્રેમપૂર્વક કહ્યું, કે હાલ તો મહત્વ છે પુસ્તક વાંચવાનું અને એ પણ આપણે બન્નેને એક જ સમયે વાંચવાનું.

વાહિદાજીના કહેવા પ્રમાણે તેમના પતિ શશીજી આ રીતે નાની નાની બાબતોમાં પોતાની ખૂબ જ કાળજી રાખતા. નાની નાની બાબતોમાં તેમનું વર્તન એવું હતું કે જાણે તેઓ હંમેશા મારા માટે જ બધું કરી રહ્યા છે અને મારા માટે જ જીવી રહ્યા છે. વહીદાજીના કહેવા પ્રમાણે શશીજી આ પ્રકારના નાના નાના પ્રસંગો થકી પોતાની જિંદગીને ખુશીથી ભરી દેતાં. આજે પણ આવા જ નાના નાના પ્રસંગોને યાદ કરીને તેઓ જીવી રહ્યા છે, જીવનને માણી રહ્યા છે.

આપણાં સૌના જીવનમાં પણ આ પ્રકારનાં નાના નાના પ્રસંગો બનતા જ રહેતા હોય છે. પતિ, પત્ની, માતા, પિતા, ભાઈ, બહેન, દીકરો, દીકરી, કુટુંબીજનો, સ્નેહીઓ, સંબંધીઓ, મિત્રો, સહ કર્મચારીઓ, પાડોશીઓ, આપણી સાથે શશીજી જેવુ વર્તન અને વ્યવહાર કરીને, આપણી કાળજી રાખીને આપણી નાની નાની ક્ષણોને જીવંત બનાવતા હોય છે અને એ ક્ષણોને આપણાં સ્મૃતિપટમાં કાયમને માટે અંકિત કરી દેતાં હોય છે.

આપણાં વ્યકિતગત સંબંધોમાં આ પ્રકારની નાની-મોટી ધટનાઓ બનતી જ રહે છે અને એ ધટનાઓ થકી જ સંબંધો ધનિષ્ઠ થતા હોય છે અથવા તો સંબંધો બગડતા હોય છે. આપણાં માનવીય સંબંધોમાં આપણે મોટેભાગે એવી અપેક્ષાઓ રાખતા હોઈએ છીએ કે આપણાં સ્નેહીઓ-સંબંધીઓ આપણાં માટે કઈંક મોટું કામ કરે, વધારે કાળજી રાખે અને મોટા પ્રસંગો કે ધટનાઓ થકી આપણાં જીવનને જીવંત બનાવે. આ પ્રકારની અપેક્ષિત ધટનાઓ નથી બનતી ત્યારે આપણે સ્નેહીઓ-સંબંધીઓ વિષે ફરિયાદ કરીએ છીએ કે તે મારા માટે કશું જ કરતાં નથી. હકિકત ધણીવાર ઊલટી હોય છે. સંબંધીત વ્યકિતએ આપણા માટે નાની-નાની કાળજી થકી આપણાં માટે ધણુ કર્યું હોય છે જે આપણી નજરમાં નથી આવતું અથવા તો તેને આપણે નજર અંદાજ કરતાં હોઈએ છીએ. આપણાં સ્નેહીઓ આપણાં માટે શું નથી કરતા એ જોવાને બદલે તેઓ આપણાં માટે શું કરે છે તેના ઉપર ધ્યાન આપીએ તો આપણાં સંબંધોને જોવાની આપણી દૃષ્ટિ જ બદલાઈ જાય પછી ભલે જે કઈં કર્યું હોય એ એકદમ નાનું હોય.

આપણાં સ્નેહીજન માટે જ્યારેપણ કઈપણ નાનું કાર્ય કરીએ ત્યારે સૌથી મહત્વની વાત એ છે કે તેમાં કોઈ જ પ્રકારનો દંભ ના હોય. કોઈ જ પ્રકારનો દેખાડો ના હોય. સ્નેહીજન ઉપર પ્રભાવ પાડવા માટેનું એ કાર્ય ના હોય. એ કાર્ય પાછળ કોઈ જ સ્વાર્થ પ્રકારનો સ્વાર્થ ના હોય. હોય તો એક માત્ર લાગણી, પ્રેમ અને સ્નેહી માટે કઈક કરવાની ભાવના.

આપણે પણ આપણાં સ્નેહીઓની નાની-નાની બાબતોમાં કાળજી રાખી શકીએ. આપણે તેમના માટે જે કોઈ કરીએ એ પ્રમાણિક્તાથી કરીએ. સામેની વ્યક્તિ પાસેથી કોઈપણ પ્રકારની અપેક્ષા રાખ્યા વિના તેમની કાળજી રાખીએ. ક્યારેક આપણે કઇંક ત્યાગ કરીને પણ તેમની જરૂરિયાતો પૂરી પડી શકીએ. આવી નાની નાની કાળજી રાખીને આપણા સ્નેહીઓની ઘણીબધી ક્ષણોને જીવંત બનાવી શકીએ, તેમની ક્ષણોને યાદગાર બનાવી શકીએ.

પતિ-પત્નિ બંને એક સાથે પુસ્તક વાંચી શકે એ હેતુથી શશીજીએ વહિદાજી માટે પુસ્તકને ફાડીને બે ભાગ કરી નાંખ્યા એ કઈં બહુ મોટું કાર્ય કે બહુ મોટો ત્યાગ ન હતો છતાં એક ઈન્ટરવ્યુમાં વહિદાજીએ આ પ્રસંગ કહ્યો ત્યારે તેમની આંખમાં આંસુઓ બાઝી ગયા હતા. આમ સ્નેહી માટે રાખેલી ખૂબ નાની એવી કાળજી પણ તેમનાં હૃદયને સ્પર્શી જતી હોય છે, તેમના હૃદયને ઝંકૃત કરી દેતી હોય છે, તેમના ઉપર એક જાદુઈ અસર કરી જતી હોય છે. આપણી નાની એવી કાળજી થકી આપણાં સ્નેહીના જીવનમાં શું અસર થતી હોય છે, તેમણે કેવી લાગણી થતી હોય છે તેની કદાચ આપણને જાણ પણ નથી હોતી હોય છે.

માનવીય સંબંધો બાંધવા માટે, વિકસાવવા માટે કે ટકાવી રાખવા માટે મોટા કર્યો કે મોટી હરકતોની કદાચ જરૂર નથી. નાના નાના કાર્યો અને હરકતો જેમાં સાચી લાગણી અને પ્રેમભાવ વ્યકત થઈ શકે એ પણ પૂરતા જ છે. સંબંધોમાં મોટા કાર્યો કરવાની તક તો ભાગ્યે જ મળતી હોય છે. પણ નાના નાના કાર્યો કરવાની તકો વારંવાર મળતી હોય છે. ઘણી વાર આવી તકોને આપણે ઝડપી લેવી પડે. ક્યારેક આવી તકોને આપણે ઊભી કરી પડે, આવી તકો જ્યારે સાંપડે ત્યારે તને જવા ના દઈને તેને ઝડપી લઈને સંબંધોને આપણે પ્રગાઢ બનાવી શકીએ.

કુટુંબીજનો, મિત્રો, સ્નેહીઓ, સહકર્મચારીઓ, કે ક્યારેક અજાણ્યા લોકો માટે પણ નિઃસ્વાર્થ ભાવે કરેલા નાના કાર્યો, કોઈ જ પણ અપેક્ષા વિના કરેલી નાની હરકતો એ કરનાર વ્યક્તિને તો આનંદ અને સંતોષ આપે જ છે પણ જેના માટે આવું કાર્ય કર્યું હોય તેના જીવનની પણ ચિરંજીવ સ્મૃતિ બની જાય છે. પરિણામ સ્વરૂપે સંબંધો સો ટચના સોના જેવા બની જાય છે. આ પ્રકારનો સંબંધો જીવનભર ટકી પણ રહે છે.

ચાલો, તકની રાહ ના જોઈએ, પણ આવી તકોને ઊભી કરીએ અને માનવીય સંબંધોને વધારે મજબૂત કરીએ, આપણે સૌ આપણાં સ્નેહી-સંબંધીઓની ક્યારેક બે-ચાર ક્ષણો માટે પણ કાળજી લઈને તેમનાં જીવનને ખુશીથી ભરી દઈએ, તેમના સ્મૃતિપટ ઉપર એ ઘટનાને કાયમ માટે અંકિત કઈ દઈએ.

# ડિજિટલ ઈન્ડિયામાં વધતા જતા સાઈબર ક્રાઈમ !!



**જીવન ઉપવન**

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આપણું રાષ્ટ્ર સતત્ વિકાસ પ્રાપ્ત કરવાના માર્ગે પ્રયાસ કરી રહ્યું છે અને દેશના લોકો પણ આમુલ પરિવર્તનોનો અનુભવ કરી રહ્યા છે જે વાસ્તવમાં ખુબ જ મહત્ત્વની બાબત છે જયાં કોઈ જ પ્રયાસ નથી ત્યાં પરિણામો ઉત્તમ મળે તેવી સંભાવના પણ ઊભી થતી નથી ! ચિલાચાલુ જિંદગી જેમ કડવી કે બેસ્વાદ બને છે તે જ ઘઠના કોઈ પણ દેશને લાગુ પડતી હોય છે. સરકારની મજબૂત ઈચ્છા શક્તિ હોય ત્યાં કાર્યક્ષેત્ર વિસ્તૃત બની જાય છે પછી જનભાગીદારી, ઐક્ય, રાષ્ટ્રપ્રેમ વગેરે તેમાં ઉમેરાય તો પ્રગતિ માટે અમાપ તકો પૈદા થઈ જાય છે. દેશમાં જનસંખ્યા વધતી જાય છે. આપણા સ્રોત તથા સંપત્તિ જે કંઈ ઉપલબ્ધ છે તે પૂરતા જણાતા નથી એટલા માટે વૈકલ્પિક વ્યવસ્થાઓનું નિર્માણ થઈ રહ્યું છે, જેમ કે સૌર ઊર્જા, ટપક સિંચાઈ, ખાનગી ક્ષેત્રનો વ્યાપ, વિવિધ નવી નેટ આધારિત કાર્યપદ્ધતિ. સરકારની ઈચ્છા ભારત વિશ્વમાં ઉત્તમ રાષ્ટ્ર બને તેવી છે એટલે સબકા સાથ, સબકા વિકાસ ! પ્રશ્ન એ છે કે સરકારના ચાહવાથી બધું સુંદર કે ઉમદા થઈ જાય એવું માનવું ત્યાં જ ભૂલ છે. પ્રજા તરીકે બધા નિર્ણયો જે કોઈ લેવાતા રહે છે તેને ઉચિત દષ્ટિકોણથી જોવાની સમજવાની જવાબદારી દેશના નાગરિકોની પણ હોય છે! ડિજિટલ ઈન્ડિયા ઈન્ટરનેટના આગમન બાદની પ્રગતિ છે. જેના પાયામાં ઝડપ, પારદર્શિતા, પૂર્વ સંતોષ, વિવિધ ક્ષેત્રોનું સફળ સંકલન વગેરે રહ્યા છે તેમ છતાં આ ડિજિટલ ચળવળમાં વિવિધ પ્રકારના વિઘ્નો કે પ્રશ્નો નડતા થયા છે. આર્થિક વ્યવહારો હવે પૂર્ણતઃ ડિજિટલ થઈ ગયા હોવાથી બેન્કીંગ કૌભાંડોમાં ગત પાસ વર્ષમાં ૨૬૮% વૃદ્ધિ થઈ છે. નાણાં વર્ષ ૨૦૧૪-૧૫માં બેન્કોએ કુલ ૧૯૪૫૫ કરોડ રૂપિયાના બેન્કીંગ સ્કેમની માહિતી આપી હતી. જે ૨૦૧૮-૧૯ માં વધી ને ૭૧૫૪૩ કરોડ રૂપિયાએ પહોંચી ગયા છે. રિઝર્વ બેન્કે તેના 'ટ્રેન્ડ એન્ડ પ્રોગ્રેસ ઓફ બેન્કીંગ ઈન ઈન્ડિયા-૨૦૧૮-૧૯' રિપોર્ટમાં આ વિગતો જણાવી છે જે ચિંતાજનક છે.

૨૦૧૪-૧૫થી ૨૦૧૮-૧૯ના સમય ગાળા દરમિયાન બેન્કિંગ કૌભાંડોની સંખ્યા પણ ૪૬૩૯થી વધીને ૬૮૦૧ની થઈ હોવાનું વ્યક્ત થયું છે. સૌથી વધુ ૫૫.૪ ટકા કૌભાંડ અથવા ફ્રોડ સરકારી બેન્કોમાં થયા તો છેલ્લા પાંચ વર્ષમાં બેન્કોમાં લોન ઠગાઈ ૨૬૮ ટકા જેટલી વધી છે. કાર્ડ કે નેટથી ફ્રોડમાં પાંચ વર્ષમાં ૩૬ ટકા નો વધારો જોવા મળેલ છે!! આ બધાની રકમ કરોડોમાં થઈ રહી છે. રિઝર્વ બેન્કના આ રિપોર્ટનો સીધો કે સરળ અર્થ એ થયો કે ડિજિટલ ઈન્ડિયાની ઝૂંબેશમાં આપણે હજી બધી જ ઝડપથી વધી રહી છે ! લોનની બાબતમાં ઠગાઈ ૨૬૮ ટકા જેટલી વધી છે. દેશની અંદર બધી નાણાં સંસ્થાઓ ને નેટ આધારિત માળખું પૂરું પાડવાની જવાબદારી એન.પી.સી.આઈ. સંભાળે છે. (નેશનલ પેમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા) અને રિઝર્વ બેંક એ દૈશની મધ્યસ્થ બેન્ક હોવાથી તે મોનિટરિંગ કરે છે અને ૨૦૦૮થી આ બધા કાર્યો શરૂ થયા છે. દેશમાં આટલા બધા ફ્રોડ થઈ રહ્યા છે તો સવાલ એ ઉદ્ભવે છે કે તે માટે શું શું કારણો અને જવાબદેહી કોની ? ડિજિટલ ઈન્ડિયાના બેન્કીંગ કામો માટે ચોક્કસ પ્રકારનાં કાર્ય ઢાંચાની રચના કરાઈ છે કે જેની ખાતા ધારકની જાણ વિના કે સંમતિ વિના કશું જ થઈ શકે નહીં તેમ છતાં આટલાં ફ્રોડ વધી જતા હોય તો કયાં કઈ ખામી પ્રવર્તે છે તે રિઝર્વ બેંકે અવશ્ય તપાસવું પડશે. જનહિત અને જાત માટે પગલાઓની પ્રસિદ્ધિ અવશ્ય થઈ રહી છે, તેમ છતાં હજી ગ્રામ્ય વિસ્તારના લોકો ફોન ઉપર ખાનગી હોય તેવી માહિતી કોઈને પણ દર્શાવી દે છે, આ ઉપરાંત વૈશ્વિક હેકર્સ પણ વિશાળ ટેડા ગમે તે પ્રકારે સિસ્ટમમાંથી ઉપાડી લઈને કૌભાંડ કરી જાય છે. ડિજિટલ બેન્કીંગ વધુ સુરક્ષિત રાખવા છતાં ત્યાં જબરી દ્વિધા પાડે ? બધા કે જનરલ મુદ્દાઓ ઉપર પ્રજાને કોણ તાલીમ પૂરી પાડે ? બધા નંબરને બધી જ કક્ષાએ જોડવાની સિસ્ટમમાં ઉચ્ચ સુરક્ષાની ગેરન્ટી કોઈ આપી શકે છે કે કેમ? બહુ જ આ ચિંતાકારક વિષય લગી રહ્યો છે.

ડિજિટલ ઈન્ડિયાના હેતુઓ વૈશ્વિક સ્પર્ધામાં અગ્રેસર થવા માટે ખુબ જ ઉમદા છે પરંતુ ડિજિટલ ઢાંચામાં જે કોઈ કમી કે ક્ષતિ હોય તેને દૂર કરવાનું હવે વિચારવું પડશે. કૌભાંડ મેન્યુઅલ કે ડિજિટલ હોતા નથી પરંતુ એ માનવીય અપ્રમાણિકતાની જ પેદાશ હોય છે. લોનની જે કોઈ ઠગાઈ જોવા મળી છે તેમાં પ્રામાણિકતાનો અભાવ મુખ્ય છે તો બીજા ક્રમે કુદરતી કારણો હોય છે. પરંતુ આ ક્ષેત્રમાં ડિજિટલ ડેટા તપાસ, ચકાસણી, વગેરેમાં ઢીલી નીતિથી લેભાગું લોકો છેતરપીંડી કરી જતા હોય છે!! હવે લોકો પિન નંબર, ઓટીપી, સીવીવી, આધાર નંબર વગેરે ગમે તેની સાથે શેર કરતા નથી એટલી જ જાગૃતિ આવી છે જે પર્યાપ્ત જણાતી નથી. બેન્કો પાસેથી ફાલતું કામો જે લેવામાં આવી રહ્યા છે. ઉપરાંત સ્ટાફની કમી પ્રવર્તે છે જે અંતે આ પ્રકારના પરિણામો તરફ લઈ જાય છે. આ કડવી છતાં સત્ય હકીકત છે. હાલમાં પણ બેન્કોના વિલીનીકરણની કાર્યવાહી ચાલી રહી છે. તેમાં પૂરતું ધ્યાન રાખવામાં નહીં આવે તો ખુબ જ પ્રશ્નો મુંઝવણ ભર્યા ઊભા થઈ જશે. બચતની સલામતી ખોરવાઈ ગઈ છે એટલું ભારતની જનતા જાણે છે એટલે બેંકોને કુલ થાપણોમાં કમી આવતી થઈ છે! ડિજિટલ વ્યવહારોમાં જમીન હોય છતાં મુશ્કેલીમાં આમ જેટલી ઊંચાઈનો અનુભવ પ્રજા કરી રહી છે શા માટે ? ફરિયાદનું કોઈ વજુદ રહ્યું નથી કે કોઈને સહાય સત્વરે મળતી હોય તેવું પણ જોવા મળતું નથી. લોક-જાગૃતિના આ માટે અભિયાનો - ચલાવવાની જરૂરત ઊભી થઈ છે. કોઈ કૌભાંડ કોઈ એકથી થતા નથી એ યાદ રાખવું પડશે. દેશના બેન્કીંગમાં આટલા કૌભાંડો વધી ગયા હોય ત્યારે ઝડપથી સુધારણાના એજન્ડા ઉપર ગામ થવું કે કરવું એ પણ રાષ્ટ્રવાદ છે.

**શેર આસ્વાદ :**
**કુછ ઐસે હાદ સે ભી જિંદગી મેં હોતે હૈ હૈ ફારાઝ**
**કે ઈન્સાન તો બચ જાતા હૈ મગર જિંદા નહીં રહતા.**
**- અહમદ ફરાઝ**